# જાહેરાત ક્રમાંક : ૧૦૦/૨૦૧૮-૧૯ સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ ની સ્પર્ધાત્મક લેખિત કસોટીનું ગુણપત્રક (માર્ક શીટ) મેળવવા માટેની ઉમેદવારની અરજી સંબંધે સૂચના

**(A) <u>ગુણપત્રક / ગુણ :</u>**

મુખ્ય પરીક્ષાનું સ્વયંનું ગુણપત્રક (Mark Sheet) મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ જાહેરાતની જોગવાઇ મુજબ પરિણામ તારીખથી ૩૦ દિવસમાં રૂ.૫૦/-ની ફી સાથે ઓનલાઇન અરજી કરવાની રહે છે. **(અરજી કરવાની આખરી તારીખ : ૦૪.૧૧.૨૦૨૦ )**

આયોગ દ્વારા સબંધિત પ્રત્યેક ઉમેદવાર પોતાના **ગુણ** આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in/ પર દર્શાવવામાં આવનાર વેબલીંક પર **૧૫.૧૦.૨૦૨૦ ના રોજ ૧૬:૦૦ કલાક થી ૧૫ દિવસ સુધી જોઇ શકે તેમજ પ્રીન્ટ કરી શકે** <u>તે પ્રમાણેની સુવિધા ઉપલબ્ધ થશે.</u>

**<u>નોંધ :-</u>**

૧ પોતાના ગુણપત્રક બાબતે ઉમેદવારોએ ઓનલાઇન અરજી તથા ફી ભરવાની રહેશે. (અરજી અને ફી માટેની લીંક : https://gpsc-ojas@gujarat.gov.in કાર્યાન્વિત થશે **તા: ૧૪.૧૦.૨૦૨૦ ૧૨:૦૦ કલાકથી** )

૨ ગુણ પત્રક સાદી ટપાલથી ઉમેદવારને મૂળ અરજી વખતે નોંધાયેલ સરનામે મોકલવામાં આવશે

૩ ઉમેદવારના સરનામા બાબતે ઉમેદવારની મૂળ અરજીમાં નોંધાયેલ સરનામું ધ્યાને લેવામાં આવશે.

ઉમેદવારની મૂળ અરજી સમયે નોંધાયેલ સરનામા અને નવા સરનામામાં ફેરફાર હોય તથા અરજદાર પોતાના નવા સરનામા ઉપર ગુણ પત્રક મેળવવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારે પોતાની ઓનલાઇન અરજી કર્યા બાદ નીચે દર્શાવેલા દસ્તાવેજોની સ્કેન કરેલ કોપી સાથે એક અરજી so-cnf-gpsc@gujarat.gov.in ઇ-મેઇલના માધ્યમથી મોકલવાની રહેશે.

-ગુણપત્રકની રૂ.૫૦/-ની ઓનલાઇન અરજી ફીની રસીદ

-જુના અને નવા સરનામાની વિગત

-અસલ ઓનલાઈન અરજીની સ્વયં પ્રમાણીત નકલ

-લેખિત પરીક્ષાના પ્રવેશપત્રની સ્વયં પ્રમાણીત નકલ

-ફોટો આઇ.ડી. પ્રુફ ની સ્વયં પ્રમાણીત નકલ